શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ

તૃતિય વર્ષ

C/o. શ્રી વીરબાઇ પાઠશાળા, નાની શાક માર્કેટ પાસે, પાલીતાણા-૩૬૪૨૭૦

[સમ્યગ્જ્ઞાન વિશારદ] અભ્યાસ- ૮

**શુભાશીર્વાદ :** તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ, પ. પૂ. આ. ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.

**દિવ્ય-કૃપા :** આગમ આરાધિકા, બા.બ્ર.પ. પૂ. સા. **શ્રી મુક્તિશ્રીજી** મ.સા.,
શાસન પ્રભાવિકા પ. પૂ. સા. **શ્રી જયલક્ષ્મીશ્રીજી** મ.સા.

**માર્ગદર્શિકા-પ્રેરીકા : સા. જયદર્શિતાશ્રીજી** M.sc., Ph.D.

સૌજન્ય : સંઘમાતા અ.સૌ. હંસાબેન હીરાચંદ પટેલ –બાંઢીયા હાલ : ઐરોલી

# સ્તોત્ર–અર્થ રહસ્ય

## શાંતિ–સ્તવ (લઘુશાંતિ)

**સૂત્ર-પરિચય :-**

વીર–નિર્વાણની સાતમી સદીના અંતભાગે શાકંભરી નગરીમાં કોઇ પણ કારણે કુપિત થયેલી શાકિનીએ મહામારીનો ઉપદ્રવ ફેલાવ્યો. એ ઉપદ્રવ એટલો ભારે હતો કે તેમાં ઔષધો કે વૈદ્યો કંઇ પણ કામ આપી શકતાં ન હતાં. તેથી મનુષ્યો ટપોટપ મરવા લાગ્યા અને આખી નગરી સ્મશાન જેવી ભયંકર જણાવા લાગી.

આ પરિસ્થિતિમાં કેટલાક સુરક્ષિત રહેલા શ્રાવકો જિનચૈત્યમાં એકઠા થઇને વિચાર કરવા લાગ્યા, ત્યારે અંતરીક્ષમાંથી અવાજ આવ્યો કે 'તમે ચિંતા શા માટે કરો છો ? નાડૂલ નગરીમાં શ્રી માનદેવસૂરિ

વિરાજે છે, તેમનાં ચરણનાં પ્રક્ષાલન જલનો તમારાં મકાનોમાં છંટકાવ કરો એટલે બધો ઉપદ્રવ શાંત થઇ જશે. ''

આ વચનથી આશ્વાસન પામેલા સંઘે વીરદત્ત નામના એક શ્રાવકને વિજ્ઞપ્તિપત્ર સાથે નાડૂલ નગરે (નાડોલ-મારવાડમાં) શ્રી માનદેવસૂરિ પાસે મોકલ્યો.

સૂરિજી તપસ્વી, બ્રહ્મચારી અને મંત્રસિદ્ધ મહાપુરુષ હતા તથા લોકોપકાર કરવાની પરમ નિષ્ઠાવાળા હતા, તેથી તેમણે શાંતિ-સ્તવ નામનું એક મંત્રયુક્ત ચમત્કારિક સ્તોત્ર બનાવી આપ્યું અને પગધોવણ પણ આપ્યું.આ શાંતિ-સ્તવ લઇને વીરદત્ત શાંકભરી નગરીએ પહોંચ્યો. ત્યાં પગધોવણનું (શાંતિ-સ્તવથી મંત્રેલું) પાણી અન્ય પાણી સાથે મંત્રિત કરીને છાંટતાં તથા શાંતિ-સ્તવનો પાઠ કરતાં મહામારીનો ઉપદ્રવ શાંત થઇ ગયો, ત્યારથી આ સ્તવ સર્વ પ્રકારના ઉપદ્રવોનાં નિવારણ અર્થે બોલાય છે. પ્રતિક્રમણમાં તે કાલાંતરે દાખલ થયેલું છે.

## શાન્તિ–સ્તવઃ (લઘુ શાન્તિ)

**મૂળ :-**

(મંગલાદિ)

(ગાહા)

**શાન્તિં શાન્તિ - નિશાન્તં, શાન્તં શાન્તાશિવં નમસ્કૃત્ય ।**
**સ્તોતુઃ શાન્તિ-નિમિત્તં, મન્ત્રપદૈઃ શાન્તયે સ્તૌમિ ॥૧॥**

**શબ્દાર્થ-**

**શાન્તિમ્** -શ્રી શાંતિનાથને.
**શાન્તિ-નિશાન્તં**-શાંતિના ગૃહ સમાન.
**શાન્તં**-શાન્તરસથી યુક્ત, પ્રશમરસ નિમગ્ન.
**શાન્તાશિવં**-જેમણે અશિવને શાંત કર્યું છે, અશિવનો નાશ કરનાર.
**નમસ્કૃત્ય**- નમસ્કાર કરીને.
**સ્તોતુઃ**-સ્તુતિ કરનારની.
**શાન્તિ-નિમિત્તં**-શાંતિનાં નિમિત્તને, શાંતિ કરવામાં, (તંત્ર)ને. ભૂત એવા સાધન (તંત્ર)ને.
**મન્ત્રપદૈઃ** -મંત્રપદોવડે, મંત્રગર્ભિત-પદોવડે.
**શાન્તયે**-શાંતિને માટે
**સ્તૌમિ** -સ્તવું છું, વર્ણવું છું.

**અર્થ-સંકલના :-**

શાંતિના ગૃહસમાન, પ્રશમરસ-નિમગ્ન અને અશિવનો નાશ કરનાર શ્રી શાંતિનાથ ભગવાનને નમસ્કાર કરીને, સ્તુતિ કરવામાં નિમિત્તભૂત એવા સાધનને (તંત્રને) વર્ણવું છું...૧

**મૂળ-**

(શ્રીશાંતિ-જિન-નામ-મંત્ર-સ્તુતિ)

**ઓમિતિ નિશ્ચિતવચસે, નમો નમો ભગવતેઽર્હતે પૂજામ્ ।**
**શાન્તિજિનાય જયવતે, યશસ્વિને સ્વામિને દમિનામ્ ॥૨॥**

**શબ્દાર્થ-**

**ઓમ્** -Nકાર, પરમતત્ત્વની વિશિષ્ટ સંજ્ઞા.
**ઈતિ**-એવા.
**નિશ્ચિતવચસે**- વ્યવસ્થિત વચનવાળા.
**નમો નમઃ**-નમસ્કાર હો નમસ્કાર હો.
**ભગવતે**-ભગવાનને
**અર્હતે પૂજામ્** -દ્રવ્ય તથા ભાવપૂજાને યોગ્ય.
**શાન્તિજિનાય**-શ્રી શાંતિજિનને.
**જયવતે**-જયવાન.
**યશસ્વિને**-યશસ્વી.
**સ્વામિને દમિનામ્** - યોગીઓના સ્વામી, યોગીશ્વર.

**અર્થ-સંકલના :-**

N પૂર્વક નામમંત્રનો પ્રારંભ કરીએ છીએ. (૧) વ્યવસ્થિતવચનવાળા, (૨) ભગવાન, (૩) દ્રવ્ય તથા ભાવપૂજાને યોગ્ય, (૪) જયવાન, (૫) યશસ્વી અને (૬) યોગીશ્વર એવા શ્રીશાંતિજિનને નમસ્કાર હો, નમસ્કાર હો... ૨

**મૂળ :-**

**સકલાતિશેષક-મહા-સમ્પત્તિ-સમન્વિતાય શસ્યાય ।**
**ત્રૈલોક્ય-પૂજિતાય ચ, નમો નમઃ શાન્તિદેવાય ॥૩॥**

**શબ્દાર્થ-**

**સક્લાતિશેષક-મહા-સમ્પત્તિ-સમન્વિતાય** - ચોત્રીસ અતિશય રૂપ મહાસંપત્તિથી યુક્ત.
**સકલ**-સમગ્ર. **અતિશેષક**-અતિશય.
**સમન્વિત**-યુક્ત.
**શસ્યાય**- પ્રશસ્ત.
**ત્રૈલોક્ય**-ત્રિલોકથી પૂજિત.
**ચ**-અને.
**નમોનમઃ** -નમસ્કાર હો, નમસ્કાર હો.
**શાન્તિદેવાય**-શાન્તિના અધિપતિ, શ્રીશાન્તિનાથ ભગવાનને.

**અર્થ-સંકલના :-**

(૭) ચોત્રીસ અતિશયરૂપ મહાસંપત્તિથી યુક્ત, (૮) પ્રશસ્ત, (૯) ત્રૈલોક્યપૂજિત અને (૧૦)

શાંતિના અધિપતિ એવા શ્રી શાંતિનાથ ભગવાનને નમસ્કાર હો, નમસ્કાર હો... ૩

મૂળ :-

**સર્વામર-સુસમૂહ-સ્વામિક-સમ્પૂજિતાય નજિતાય ।**
**ભુવન-જન-પાલનોદ્યત તમાય સતતં નમસ્તસ્મૈ ॥૪॥**

શબ્દાર્થ-

**સર્વામર-સુસમૂહ-સ્વામિક-સમ્પૂજિતાય** -સર્વ દેવ-સમૂહના સ્વામીઓથી વિશિષ્ટ પ્રકારે પૂજાયેલા.
**નજિતાય** -કોઇથી નહીં જિતાયેલ, અજિત.
**ભુવન-જન-પાલનોદ્યતતમાય** -વિશ્વના લોકોનું રક્ષણ કરવામાં તત્પર.
**સતતં** -સદા.
**નમઃ** -નમસ્કાર હો.
**સ્તસ્મૈ** -તે શ્રીશાંતિનાથને.

અર્થ-સંકલના :-

(૧૧) સર્વ દેવસમૂહના સ્વામીઓથી વિશિષ્ટ પ્રકારે પૂજાયેલા, (૧૨) અજિત અને (૧૩) વિશ્વના લોકોનું રક્ષણ કરવામાં તત્પર એવા શ્રી શાન્તિનાથને સદા નમસ્કાર હો.... ૪

મૂળ :-

**સર્વ-દુરિતૌઘ-નાશનકરાય સર્વાશિવ-પ્રશમનાય ।**
**દુષ્ટ-ગ્રહ-ભૂત-પિશાચ-શાકિનીનાં પ્રમથનાય ॥૫॥**

શબ્દાર્થ-

**સર્વ-દુરિતૌઘ-નાશનકરાય**-સમગ્ર ભય-સમૂહનો નાશ કરનાર.
**સર્વાશિવ-પ્રશમનાય** -બધા ઉપદ્રવોનું શમન કરનાર.
**દુષ્ટ-ગ્રહ-ભૂત-પિશાચ-શાકિનીનાં-પ્રમથનાય** -દુષ્ટ ગ્રહ, ભૂત, પિશાચ અને શાકિનીઓએ ઉપજાવેલી પીડાઓનો અત્યંત નાશ કરનાર.

અર્થ-સંકલના :-

(૧૪) સમગ્ર ભય-સમૂહોનો નાશ કરનાર (૧૫) બધા ઉપદ્રવોનું શમન કરનાર અને (૧૬) દુષ્ટ ગ્રહ, ભૂત, પિશાચ તથા શાકિનીઓએ ઉપજાવેલી પીડાઓનો અત્યંત નાશ કરનાર એવા શ્રી શાંતિનાથને નમસ્કાર હો...૫

**મૂળ :-**

**યસ્યેતિ નામમન્ત્ર-પ્રધાન-વાક્યોપયોગ-કૃતતોષા ।**
**વિજયા કુરુતે જનહિતમિતિ ચ નુતા નમત તંશાન્તિમ્ ॥૬॥**

**શબ્દાર્થ-**

**યસ્ય** -જેમના.
**ઈતિ**-આ પ્રકારના.
**નામમન્ત્ર-પ્રધાન-વાક્યોપયોગ-કૃતતોષા**- નામમંત્રવાળા વાક્યપ્રયોગોથી તુષ્ટ કરાયેલી. ભગવાનના વિશિષ્ટ, નામવાળા મંત્રને 'નામ-મંત્ર' કહેવામાં આવે છે. **વાક્યોપયોગ**- વિધિસરનું જપ કે અનુષ્ઠાન.
**વિજયા** -વિજયાદેવી.
**કુરુતે**-કરે છે.
**જનહિતમ્**-લોકોનું હિત.
**ઈતિ** -તેથી.
**ચ**-જ.
**નુતા**-સ્તવાયેલી.
**નમત**-નમસ્કાર કરો.
**તં**-તેને.
**શાન્તિમ્**-શ્રી શાંતિનાથને.

**અર્થ-સંકલના :-**

જેમના આ પ્રકારના નામમંત્રવાળા વાક્યપ્રયોગો વડે તુષ્ટ કરાયેલી વિજયાદેવી લોકોનું (ઋદ્ધિ-સિદ્ધિ આપવા પૂર્વક) હિત કરે છે, તે શ્રીશાંતિનાથને (હે લોકો ! તમે) નમસ્કાર કરો અને વિજયા (જયા) દેવી કામ કરનારી છે તેથી તે પણ અહીં પ્રસંગાનુસાર સ્તવાયેલી છે.... ૬

# શ્રી દંડક પ્રકરણ

-શ્રી જિનહંસમુનિ

## ગતિ-આગતિ...

संखाउ पज्ज पणिंदि, तिरिय नरेसु तहेव पज्जत्ते ।
भू दग पत्तेयवणे, अेअेसु च्चिय सुरागमणं ।।३२।।

સંખ્યાત વર્ષના આયુષ્યવાળા પર્યાપ્ત પંચેન્દ્રિય, તિર્યંચ અને મનુષ્યોને વિષે તેમજ પર્યાપ્ત બાદર પૃથ્વીકાય, અપકાય, અને પ્રત્યેક વનસ્પતિકાયને વિષે નિશ્ચયે દેવતાનું આવવું થાય છે.

દેવ કોણ બની શકે એનો કાંઇક પરિચય છેલ્લી ગાથામાં કરાવ્યા પછી હવે દેવતા કઇ કઇ ગતિમાં કે દંડકમાં જઇ શકે તે જણાવે છે.

(૧) સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચોને વિષે.

(૨) સંખ્યાત વર્ષના આયુષ્યવાળા પર્યાપ્ત પંચેન્દ્રિય મનુષ્યોને વિષે.

(૩) પર્યાપ્ત બાદર પૃથ્વીકાયને વિષે.

(૪) પર્યાપ્ત બાદર અપકાયને વિષે.


(૫) પર્યાપ્ત બાદર પ્રત્યેક વનસ્પતિકાયને વિષે.

**દેવલોક** ⟶ **પંચેન્દ્રિય તિર્યંચ-મનુષ્ય**
**પૃથ્વી, અપ, પ્રત્યેક વનસ્પતિકાય**

पज्जत्त संख गब्भय, तिरिय नरा निरय सत्तगे जंति ।
निरय उवट्टा अेअेसु, उववज्जंति न सेसेसु ।।३३।।

પર્યાપ્તા સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા ગર્ભજ તિર્યંચ અને મનુષ્યો સાતે નરકને વિષે ઉત્પન્ન થાય છે. નરકમાંથી નિકળેલા જીવો ગર્ભજ તિર્યંચ, ગર્ભજ મનુષ્ય એ બેને વિષે ઉપજે છે પણ એ બે વિના બાકીના દંડકમાં ઉપજતા નથી.


ગર્ભજ તિર્યંચ અને મનુષ્યો સાતે નરકમાં ઉત્પન્ન થઇ શકે છે. એટલે આ તેમની ગતિ છે.




पुढवी आउ वणस्सइ, मज्झे नारय विवज्जिया जीवा ।
सव्वे उववज्जंति, निय नियकम्माणुमाणेणं ।।३४।।

પૃથ્વીકાય, અપકાય અને વનસ્પતિકાયમાં નારકી છોડીને બધાજ જીવો પોતપોતાના કર્માનુસાર ઉપ્તન્ન થાય છે.

નારકીના જીવો ક્યારે પણ એકેન્દ્રિય કે વિકલેન્દ્રિયમાં ન જ જાય પરંતુ નારકીના જીવોને છોડીને બાકીના બધાજ જીવો પૃથ્વીકાય, અપકાય અને વનસ્પતિકાયમાં ઉત્પન્ન થાય છે.




જીવ જેવા કર્મ કરે એ અનુસાર એને ગતિ મળે છે. આપણને શુભગતિ જોઇતી હોય તો શુભકર્મ કરવાજ પડે. અશુભકર્મથી શુભગતિ ન મળે.

पुढवाइ दस पएसु, पुढवी आउ वणस्सइ जंति ।
पुढवाइ दस पएहिय, तेउ वाउसु उववाओ ।।३५।।


પૃથ્વીકાયાદિ દસ પદને વિષે પૃથ્વીકાય, અપકાય, અને વનસ્પતિકાય ઉત્પન્ન થાય છે. પૃથ્વીકાયાદિ દસ પદોમાંથી નીકળેલા જીવો તેઉકાય અને વાયુકાયને વિષે ઉત્પન્ન થાય છે.


પૃથ્વીકાયાદિ દસ પદ એટલે પાંચ સ્થાવર (પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય અને વનસ્પતિકાય), ત્રણ વિકલેન્દ્રિય (બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, અને ચઉરેન્દ્રિય), ગર્ભજ તિર્યંચ અને ગર્ભજ મનુષ્ય.

આ દસ પદમાં, પૃથ્વી, અપ અને વનસ્પતિકાયના જીવો આવે

આ દસ પદમાંથી તેઉકાય-વાયુકાયમાં જાય.

| | | |
|---|---|---|
| પૃથ્વીકાય<br>અપકાય → | પૃથ્વીકાયાદિ દસ પદ | ⟵ વનસ્પતિકાય |
| તેઉકાય ⟵ | પૃથ્વીકાયાદિ દસ પદ | → વાયુકાય |




उपशम सम्यक्त्व के काल में जीव को जिन-प्रणीत तत्त्वों पर दृढ़ और अचल श्रद्धा हो जाती है। वह शान्त-प्रशान्त, स्थिर व पूर्णानन्दयुक्त हो जाता है। उसकी आत्मा कृष्णपक्षी से शुक्लपक्षी बन जाती है।

# જિનશાસના મહાપ્રભાવક આચાર્ય ભગવંતો

**આધાર ગ્રંથ :**
**તવારીખી તેજછાયા**

## ૧૪ તપાગચ્છ પ્રવર્તક આચાર્ય શ્રી જગચ્ચંદ્રસૂરિ મહારાજ

**બાર વરસ આંબિલ કરી આવ્યા આહડ માંહ, ''તપા'' બિરુદ ત્યાં ધરિઓ રાણાએ ધરી ઉત્સાહ;**
**વાદ ચોરાશી જીતિયા વકિરિઆ કિયો ઉદ્ધાર, બિરુદ ધરાવ્યું 'હીરલા' ધન ધન તે અણગાર.**

(મહો. વિનયવિજયગણિકૃત ગણધર પટ્ટાવલી)

આચાર્ય જગચ્ચંદ્રસૂરિ મ. તપસ્વી, આગમના ઊંડા અભ્યાસી, વાદવિજયી તથા ઘણા પ્રભાવી અને પ્રતાપી સૂરિવર હતા. તપાગચ્છ તેમના તપના પ્રભાવે ''તપા''ના બિરુદથી નીકળ્યો છે.

શ્રી જગચ્ચંદ્રસૂરિ વડગચ્છના શ્રી મણિરત્નસૂરિના શિષ્ય આચાર્ય શ્રી સોમપ્રભસૂરિ તથા ગુરુ શ્રી મણિરત્નસૂરિ એ બંનેએ પોતાની પાટે આચાર્ય જગચ્ચંદ્રસૂરિને સ્થાપ્યા હતા. શ્રી સુધર્માસ્વામીની પાટપરંપરામાં શ્રી જગચ્ચંદ્રસૂરિ ૪૪મા પટ્ટધર હતા.

શ્રી જગચ્ચંદ્રસૂરિના જન્મસ્થળ અને સમયની કોઇ ચોક્કસ વિગત મળતી નથી. શ્રેષ્ઠી પૂર્ણચંદ્ર પોરવાલને સલક્ષણ, વરદેવ અને જિનદેવ નામે ત્રણ પુત્રો હતા. તેમાંથી સૌથી નાના જિનદેવ તે જગચ્ચંદ્રસૂરિ બન્યા. બાલ્યવયથી શાંત, સુસંસ્કારી, તેજસ્વી તથા ધર્મ પ્રત્યે રાગી અને સંસાર પ્રત્યે વિરાગી એવા ધાર્મિક વૃત્તિ ધરાવતા બાળક હતા. તેમની આ પરિણતિ આગળ જતાં ત્યાગમાર્ગમાં પરિણમી અને શ્રમણસંઘમાં સૌને પ્રિય એવા આચાર્ય મણિરત્નસૂરિ પાસે દીક્ષા અંગીકાર કરી, મુનિ જગચ્ચંદ્ર નામે તેમના શિષ્ય બન્યા. આ દીક્ષાના સમય કે સ્થળ વિશે કોઇ પણ આધારભૂત માહિતી મળતી નથી. ગુરુદેવ શ્રી મણિરત્નસૂરિ લગભગ ૧૨૭૪માં સ્વર્ગવાસી થયા. પં. જગચ્ચંદ્ર ગણિએ ત્યારથી આયંબિલ તપ શરૂ કર્યા. અને આચાર્ય સોમપ્રભસૂરિની સેવામાં રહી જિનાગમોનું વિશાળ અને તલસ્પર્શી જ્ઞાન સંપાદન કર્યું... આચાર્ય સોમપ્રભસૂરિએ તેમને ગચ્છનાયક પદ પ્રદાન કર્યું. અને તેમનું નામ જગચ્ચંદ્રસૂરિ રાખવામાં આવ્યું. શ્રી સોમપ્રભસૂરિ વિ. સં. ૧૨૮૪માં સ્વર્ગવાસી બન્યા.

શ્રી જગચ્ચંદ્રસૂરિ ત્યાગી, વૈરાગી, સંવેગી તથા ચારિત્ર ધર્મના ચુસ્ત આગ્રહી હતા. આગમોના જ્ઞાતા હતા અને તેના અર્થોના ઊંડા ચિંતક હતા. આ સમયે મુનિસમુદાયમાં કાળબળે, ક્રિયાશિથિલતા વ્યાપી રહી હતી. તે દૂર કરવા તેઓ ચિંતિત અને ઉત્સુક હતા. શ્રી સોમપ્રભસૂરિના સ્વર્ગવાસ પછી તેઓ મેવાડ પધાર્યા. મેવાડમાં તે સમયે સંવેગી, વૈરાગી, શુદ્ધ આચારવાળા, આગમાનુસાર ચારિત્રને ધારણ કરનાર

અને શ્રમણસંઘમાં વિશુદ્ધ ગુણવાળા તરીકે પ્રખ્યાત આદરણીય ચૈત્રવાલગચ્છના પં. શ્રી દેવભદ્રગણિ વિચરતા હતા. તેઓ આગમના જ્ઞાતા અને તેના અર્થોના મર્મજ્ઞ હતા. શ્રી જગચ્ચંદ્રસૂરિ તેમને મળ્યા અને તેમની સહાયથી તેમણે ક્રિયોદ્ધાર કર્યો. આ ક્રિયોદ્ધાર સમયે તેમની સાથે પં. દેવેન્દ્રગણિ પણ હતા, જેઓ પછીથી તેમના પટ્ટધર આચાર્ય દેવેન્દ્રસૂરિ થયા.

શ્રી જગચ્ચંદ્રસૂરિએ આ આગમોક્ત ક્રિયાને પ્રતિષ્ઠિત અને સફળ બનાવવા અસાધારણ બનાવવા અસાધારણ ત્યાગવૃત્તિ સ્વીકારી અને દૃઢ મનોબળપૂર્વક સતત પરિશ્રમ સેવી અદ્‌ભૂત હીર દાખવતાં તેમને ''હીરલા જગચ્ચંદ્રસૂરિ'' એવું બિરુદ આપવામાં આવ્યું. આ બિરુદ મળવા અંગે બીજો એક એવો ઉલ્લેખ પણ છે કે,શ્રી જગચ્ચંદ્રસૂરિ અભેદ્ય જ્ઞાની અને મહાન તપસ્વી હતા. તેમણે આઘાટપુરમાં (ઉદયપુર પાસેના આહાડ ગામે) ૩૨ દિગંબરાચાર્યો સાથે વાદ કરી, વિજય મેળવતાં મેવાડના રાણા જૈત્રસિંહે તેમને 'હીરા'નું માનવંતુ બિરુદ આપતાં તેઓ 'હીરલા જગચ્ચંદ્રસૂરિ'ના નામે વિખ્યાત થયા.

ગુરુદેવશ્રી મણિરત્નસૂરિ સ્વર્ગવાસી બન્યા ત્યારથી શ્રી જગચ્ચંદ્રસૂરિએ યાવજ્જીવન આયંબિલ તપ ચાલુ કર્યા હતાં. આ તપના બારમા વર્ષ દરમ્યાન તેઓ આહાડપુરમાં નદી કિનારે જઇ હંમેશાં આતાપના લઇ ધ્યાન કરતા હતા, તેમની આ તપસ્યા અને ધ્યાનનાં પ્રભાવે તેમનાં રૂપ, તેજ અને પ્રભાવ વધ્યાં હતાં. મેવાડના રાજા જૈત્રસિંહે તેમના ત્યાગ અને તપની પ્રશંસા સાંભળી, તેઓ આચાર્યશ્રીનાં દર્શન કરવા ત્યાં નદીકિનારે આવ્યા. ત્યાં આચાર્યશ્રીનું તેજથી ચમકતું મુખારવિંદ અને કાંતિમાન દેહ જોઇ 'ગુરુદેવ મહાતપસ્વી છે' એમ બોલી ઊઠ્યા. અને તેમને 'તપા' એવું બિરુદ આપ્યું. ત્યારથી, એટલે કે વિ.સં. ૧૨૮૫થી આચાર્ય જગચ્ચંદ્રસૂરિની શિષ્યપરંપરા 'તપાગચ્છ' તરીકે પ્રસિદ્ધિ પામી. આ તપાગચ્છીય નિર્ગ્રંથ ગચ્છનું છઠ્ઠું નામ છે. પ્રથમ નિર્ગ્રંથ ગચ્છના શ્રી સુધર્માસ્વામી, બીજા કોટિક ગચ્છના શ્રી સુસ્થિતસૂરિ, ત્રીજા ચંદ્રગચ્છના શ્રી ચંદ્રસૂરિ, ચોથા વનવાસી ગચ્છના શ્રી સામંતભદ્રસૂરિ, પાંચમા વડગચ્છના શ્રી ઉદ્યોતનસૂરિ અને છઠ્ઠા તપાગચ્છના શ્રી જગચ્ચંદ્રસૂરિ પ્રવર્તક હતા.

આચાર્ય જગચ્ચંદ્રસૂરિ મેવાડથી વિહાર કરી ગુજરાત પધારતાં મહાઅમાત્ય વસ્તુપાલ-તેજપાલે તેમને અતીવ સમ્માન આપ્યું. વસ્તુપાલે કાઢેલા ઐતિહાસિક શ્રી શત્રુંજયતીર્થ યાત્રા સંઘમાં તેમ જ તેમની દ્વારા શત્રુંજય, ગિરનાર અને આબુ -દેલવાડાની પ્રતિષ્ઠાઓ પ્રસંગે શ્રી જગચ્ચંદ્રસૂરિ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે મેવાડ અને ગુજરાતમાં વિચરીને અપૂર્વ શાસનપ્રભાવના પ્રવર્તાવી હતી.

શ્રી જગચ્ચંદ્રસૂરિના ઉપદેશથી વીરા દિશાપાલે વિ.સં. ૧૨૯૫માં પાટણમાં ભીમદેવના રાજ્યમાં ''નાયાધમ્મકહાઓ'' વગેરે છ અંગો ટીકા સહિત લખાવ્યાં હતાં, એટલે સ્પષ્ટ છે કે, આચાર્ય જગચ્ચંદ્રસૂરિ વિ. સં. ૧૨૯૫-૯૬માં સ્વર્ગવાસી થયા હશે. તેમણે પોતાની પાટે શ્રી દેવેનદ્રસૂરિને સ્થાપન કર્યા હતા...

# ૧૫ પાયચંદના સ્થાપક આચાર્ય શ્રી પાર્શ્વચંદ્રસૂરિ મહારાજ

જૈન શ્રમણપરંપરામાં શ્રી પાર્શ્વચંદ્રસૂરિજીનું નામ એક મહાન ક્રિયોદ્ધારક તરીકે આવે છે. વિક્રમના સોળમા શતકમાં જૈન શ્રમણ સંઘમાં સુવિહિત (શાસ્ત્રાનુસારી) સાધુધર્મની પુનઃસ્થાપનાનું અભિયાન તેમણે ચલાવ્યું અને તેમાં સફળતા મેળવી ચિરસ્મરણીય બની ગયા. શિથિલાચાર, અવ્યવસ્થા અને જડતાની છાયામાં આવી ગયેલા શ્રમણવર્ગને સક્રિય, સુગઠિત અને સ્થિર કરવા માટે તેઓએ પોતાની સમગ્ર શક્તિ સમર્પિત કરી અને એ યુગને સાચો વળાંક આપવામાં નિમિત્ત બન્યા. આ અર્થમાં તેઓ 'યુગ-પ્રધાન' હતા. ઉપરાંત તેઓ 'પાર્શ્વચંદ્ર ગચ્છ (પાયચંદ ગચ્છ)ના પ્રવર્તક પણ હતા.

ગિરિરાજ આબુની નજીક હમીરપુર (હમીરગઢ) નામે નગરમાં પોરવાડવંશીય શ્રેષ્ઠી વેલગશાહનાં પત્ની વિમલાદેએ પુત્રને જન્મ આપ્યો. સં. ૧૫૩૭ના ચૈત્ર સુદ નોમના જન્મેલા આ બાળકનું નામ 'પાસચંદ' પાડવામાં આવ્યું. પાસચંદ જન્મજાત મહાનતાના ધારક હતા. કોઈક ઉદાત્ત જીવનકાર્ય તેમની પ્રતિક્ષા કરી રહ્યું હોય એમ, બાળવયે જ તેમણે સાધનાનો પંથ પકડ્યો. માત્ર નવ વર્ષની વયે પાસચંદે નાગોરી તપાગચ્છના પંન્યાસ શ્રી સાધુરત્ન પાસે દીક્ષા લીધી. થોડા સમયમાં વિવિધ વિષયોનો અભ્યાસ કરી લીધો. જૈન આગમોનું ઊંડું અધ્યયન તેમણે કર્યું. એમની વિદ્વત્તા અને સજ્જતા જોઇ નાગોરી તપાગચ્છાધિપતિ શ્રી સોમરત્નસૂરીએ સં. ૧૫૫૪માં એમને ઉપાધ્યાય પદ આપ્યું.

શુદ્ધિમાર્ગે પુનઃ પ્રસ્થાન : આગમો તથા શાસ્ત્રોના ગહન પરિશીલનથી તેમણે જોઇ લીધું કે આગમવિહિત આચારમર્યાદા તથા તે સમયે પ્રચલિત સાધુવ્યવહાર વચ્ચે ઘણુ અંતર છે. દેશકાળના નામે અને લાભાલાભના બહાને મુનિજીવનમાં અક્ષમ્ય કહી શકાય એટલી છૂટછાટ લેવાતી હતી. પ્રાયઃ બધા ગચ્છોના મુનિઓ શિથિલાચારમાં સરી પડીને ''ચૈત્યવાસ''ની સ્થિતિએ પહોંચી ગયા હતા. સૂત્ર અને શાસ્ત્રના અર્થઘટનમાં પણ પુષ્કળ ગૂંચવાડો પ્રવર્તતો હતો. પાર્શ્વચંદ્રજીને આ ગરબડ અને અવ્યવસ્થા ખટકવાં લાગ્યાં. પોતાના ગુરુ શ્રી સાધુરત્ન પંન્યાસ સાથે ચર્ચા કરી ''ક્રિયાનો પુનરુદ્ધાર'' કરવાની આજ્ઞા માગી અને પંન્યાસજીએ સહર્ષ અનુમોદન સાથે અનુમતિ આપી. ઉપ. પાર્શ્વચંદ્રે અનેક બાબતોની સાફસૂફી આરંભી. અનેક પ્રકારની રૂઢિઓ અને માન્યતાઓને પંચાગી આગમની કસોટી પર કસી તેના સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય કર્યો. આ માટે તેમણે ખૂબ સંશોધન અને તુલનાત્મક નિરીક્ષણ કર્યું. તેમણે કરેલાં સંશોધન-પરિક્ષણની પ્રતીતિ આપતા સંખ્યાબંધ લેખો, પટ્ટકો, પ્રકરણો આજે પણ પ્રાચીન જ્ઞાનભંડારોમાં હસ્તલિખિત ગ્રંથરૂપે વિદ્યમાન છે. ઉપાધ્યાયજીએ વિ.સં. ૧૫૬૪માં નાગોરમાં 'ક્રિયોદ્ધાર' કર્યો અર્થાત્ પાંચ મહાવ્રતયુક્ત સાધુધર્મના ચુસ્ત પાલન સાથે સાધનામાર્ગે પુનઃપ્રસ્થાન કર્યું.

શિથિલ વ્યવહારનો અંત આણવા માટે સ્થાપિત પરંપરાઓની સાફસૂફી માટે તેમણે લાંબો સંઘર્ષ

કર્યો. આમાં તેમને ઓછું સહન નથી કરવું પડ્યું. રૂઢિપ્રિય વર્ગ તરફથી તેમનો પુષ્કળ વિરોધ થયો અને અવરોધો આવ્યા. વિચિત્ર આક્ષેપો થયા. ઉપાધ્યાયજીએ દરેક આક્ષેપ, શંકા અને પ્રશ્નોના ઉત્તરો શાસ્ત્રાધારે, કટુતાથી દૂર રહીને, સમભાવથી આપ્યા. જે અસત્ય કે અશુદ્ધ જણાયું તેની નિર્ભીક આલોચના તેમણે કરી. તેમના પ્રયત્નોના શુભ પ્રત્યાઘાત પણ પડ્યા જ. તેમણે કરેલા શુદ્ધિકરણ અને નવજાગરણને પગલેપગલે તત્કાલીન શ્રમણવર્ગમાં કામગરી થઇ.

આ. પાર્શ્વચંદ્રસૂરિજીનું જીવન તપઃ પૂત, નિષ્કામ, સાત્ત્વિક અને પરોપકારી હતું. તેમના ત્યાગી, તપોનિષ્ઠ જીવનનો પ્રભાવ લોકો પર પડ્યો. પવિત્ર જીવન અને મૈત્રી -કરુણા, સમભાવને પ્રાધાન્ય આપતી તેમને ઉપદેશશૈલીથી જીવન પરિવર્તન અને સમાજ સુધારણાનાં આદર્શ દૃષ્ટાંતો સર્જાયાં. રાધનપુરમાં હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચે લાંબા સમયથી ચાલતા ઝઘડાનો અંત, ઊનાવામાં સોની લોકોનાં ૫૦૦ ઘરોએ કરેલ જૈનધર્મનો સ્વીકાર, 'મુણોત' 'લોઢા' 'બાંઠિયા' વગેરે બાવીસ ગોત્રોના ક્ષત્રિયો દ્વારા જૈનધર્મનો અંગીકાર આદિ પ્રસંગો આચાર્યશ્રીની પ્રભાવકતાના સૂચક છે. જોધપુરના મહારાજા રાવ ગાંગા અને તેમના પુત્ર રાવ માલદેવ તેમના આજીવન ભક્ત હતા. તેમના નામ સાથે ચમત્કારોની કથાઓ જોડાયેલી છે. આવા 'ચમત્કારો' તેમણે કર્યા ન હોય પણ થઇ ગયા હોય એમ કહેવું વધુ યોગ્ય છે.

પાર્શ્વચંદ્રસૂરિજીનો વિહાર મુખ્યત્વે મારવાડ, મેવાડ, માળવા, ગુજરાત, સૌરાષ્ટ્ર કચ્છમાં થયો હતો. તેમના જીવનનો ક્રમિક વર્ષબદ્ધ વૃત્તાંત મળતો નથી. આચાર્ય પદનું વર્ષ પણ નિર્ણિત થઇ શકતું નથી. અનેક સંઘોએ એકત્ર થઇને સં. ૧૫૯૯માં શંખલપુરમાં આચાર્ય શ્રી સોમચંદ્રસૂરિના હસ્તે તેમને યુગપ્રધાન પદ અર્પણ થયું હતું.

વસ્તુતઃ મહાપુરુષોના જીવનની સ્થૂળ ઘટનાઓ દ્વારા આપણને તેમનો પૂર્ણ પરિચય થતો નથી. તેમાં યે આવા જ્ઞાનીજનોનું જીવન સૂક્ષ્મ ભૂમિકાએ-વૈચારિક સ્તરે જ વધુ જીવાતું હોય છે. એમનાં અંતરંગ વ્યક્તિત્વનો પરિચય એમનાં વચનો કે ગ્રંથો દ્વારા જ મળે. સદ્ભાગ્યે શ્રી પાર્શ્વચંદ્રસૂરિજીના અંતરંગને ઓળખવા માટે એમના ગ્રંથો અને લેખો સારા પ્રમાણમાં ઉપલબ્ધ છે, જેમાં તેમનાં વિચારવૈભવ, ઉદાત્ત આશય અને સત્યનિષ્ઠાનાં તાદૃશ દર્શન થાય છે. સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતી ભાષામાં વિપુલ ગદ્ય-પદ્યસાહિત્ય રચીને તેમણે છૂટે હાથે જ્ઞાનદાન કર્યું છે. 'સપ્તપદીશાસ્ત્ર', 'સંઘરંગપ્રબંધ', 'ખંધક ચરી', 'સુરદીપિકા', 'રૂપકમાલા', 'પૂજાશતક', 'વિધિશતક', 'વિધિવિચાર', 'ઉપદેશસાર' વગેરે ગ્રંથોમાં તેમનો ઉપદેશ, તેમણે કરેલા ક્રિયોદ્ધારની ચર્ચા, તેમના સંશોધનની વ્યાપકતા વગેરે ઝિલાયાં છે. તેમના ગ્રંથોનું શાંતિથી અવલોકન કરનાર તેમના વિચારોની મૌલિકતા, તર્કબદ્ધતા અને સ્પષ્ટતાથી પ્રભાવિત થયા વિના રહેશે નહીં. સખ્યાબંધ પ્રકરણો, છત્રીસીઓ, બત્રીસીઓ, કુલકો, રાસ, સ્તવન, સજ્ઝાય, સ્તુતિ વગેરેમાં તેમની વિદ્વત્તા, કવિત્વ, ભક્તિ અને મૌલિકતાનાં સુંદર દર્શન થાય છે.

તેમણે ગદ્યમાં લેખન મોટા પ્રમાણમાં કર્યું છે. ચર્ચા માટેના પટ્ટકો, પ્રશ્નકારોના સમાધાન માટેના લેખો તથા અનેક ગ્રંથોના ગુજરાતી અનુવાદો (બાલાવબોધ-'ટબ્બા') રૂપે તેમનું લેખન વિસ્તર્યું છે.

સાહિત્યક્ષેત્રે તેમનું આગવું અર્પણ છે આગમોના અનુવાદો પવિત્ર જૈન આગમોના પ્રચલિત લોકભાષામાં વિવરણ કરવાની પહેલ એમણે કરી. સામાન્ય જનતા માટે આગમોનું અધ્યયન સરલ-સુલભ કરી આપવા માટેનો તેમનો આ પુરુષાર્થ અનેક રીતે નોંધપાત્ર છે-તેમણે કરેલા પાંચ - સાત સૂત્રોના 'ટબ્બા'ની હસ્તલિખિત પ્રતિઓ ભારતભરના જૂના જ્ઞાનભંડારો-ગ્રંથાલયોમાં મળે છે એ તેમના કાર્યની ઉપયોગિતાનો પ્રત્યક્ષ પુરાવો છે.

આ. પાર્શ્વચંદ્રસૂરિ કેવળ પ્રચારક નહોતા આત્મસાધક પણ હતા. આત્મસાધના તેમના માટે પ્રથમ ક્રમે હતી. અંતર્મુખ આરાધના તેમનાં જીવનમાં વણાયેલી હતી. પ્રભુભક્તિનું તત્ત્વ તેમના રચેલા સ્તવનાદિ સાહિત્યમાં ઘૂંટાતું જોવા મળે છે. વિવિધ પ્રકારનાં તપ તેમના જીવનમાં નોંધાયા છે. સ્વાધ્યાય અને કાયોત્સર્ગ તેમની પ્રમુખ સાધના હતી. નાગોરમાં 'સાત કોટડી'નો ઉપાશ્રય હતો. તેમાં તેઓ ધ્યાન ધરવા માટે બેસતા એમ કહેવાય છે. ૬૬ વર્ષ જેટલા દીક્ષાપર્યાય અને ૭૫ વર્ષના સુદીર્ઘ જીવનકાળમાં જ્ઞાનોદ્ધાર અને ક્રિયોદ્ધાર અને આત્મોદ્ધાર માટેનો અથાક પુરુષાર્થ કરનારા આ ધર્મવીર પુરુષે જીવનમાં સંધ્યાટાણે જોધપુરમાં અનશન આદર્યું. સં. ૧૬૧૨ના માગશર સુદ ત્રીજને દિવસે તેમનો દેહવિલય થયો.

સાડાચારસો વર્ષ પૂર્વે આ મહાપુરુષના જીવન અને કવનમાં શ્રદ્ધા, સંવેગ, ધર્મશૌર્ય અને અનવેષક બુદ્ધિ પ્રબળપણે મુખરિત થતાં દેખાય છે. ધર્મજાગૃતિનું આવું ઉત્તરદાયિત્વ અદા કરનાર શ્રી પાર્શ્વચંદ્રસૂરિજી વિચારક-આરાધક વર્ગના ઊંડા આદરના અધિકારી છે, તો બીજી બાજુ કવિ, ગદ્યકાર, જૈન આગમોના અનુવાદક તરીકે વ્યાપક વિદ્વદ્વર્ગના પણ એટલા જ આદરપાત્ર ઠરે છે. સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતી ભાષામાં તેમણે સર્જેલું વિપુલ ગદ્ય-પદ્ય સાહિત્ય હજી સુધી પૂરેપૂરું પ્રકાશિત થયું નથી. જૈનાગમ, જૂની ગુજરાતી ભાષા, સાહિત્ય અને ઇતિહાસના અભ્યાસી વર્ગ માટે આ સાહિત્યમાં પ્રચુર અભ્યાસસામગ્રી નિહિત છે. ધર્મસુધારણાના પ્રખર પુરસ્કર્તા તરીકે જેમને વિશ્વના ક્રાંતિકારીઓમાંના એક ગણાવી શકાય એવા શ્રી પાર્શ્વચંદ્રસૂરિજીએ તેસમયે કરેલી ચર્ચા અને વિચારણા આજના તબક્કે પણ જૈન સંઘના અગ્રણીઓને પ્રેરક અને દિગ્દર્શક બની શકે એમ છે. શ્રી પાર્શ્વચંદ્રસૂરિજીની કૃતિઓના પ્રકાશનનો પ્રથમ પ્રયાસ ઇ.સ. ૧૯૧૩માં કોડાય (કચ્છ)ની સદાગમ પ્રવૃત્તિ સંસ્થા દ્વારા શાહ હેમરાજ ભીમશીએ કર્યો હતો. 'શ્રીમત્પાર્શ્વચંદ્ર પ્રકરણ માળા ભાગ-૧' એ નામે સૂરિજીની ગુજરાતી કૃતિઓનો એ એક સંગ્રહમાત્ર હતો. તે પછી સાહિત્યોપાસક વિદ્વાન આચાર્યશ્રી સાગરચંદ્રસૂરિજીએ 'સુરદીપિકાદિ પ્રકરણ સંગ્રહ 'સપ્તદીશાસ્ત્ર' વગેરે પુસ્તકોમાં કેટલીક કૃતિઓ પ્રગટ કરી છે. આ પ્રસિદ્ધ થયેલું પુસ્તક અલ્પ તેમ જ સ્વસમુદાય વર્ગ પૂરતું જ સીમિત રહ્યું છે. વળી, આ સાહિત્ય સંશોધનાત્મક સંપાદન પદ્ધતિથી અદ્યાપિ પ્રકાશિત કરવાનું પણ બાકી જ છે. આ માટે યત્ન થાય અને સર્વ સમુદાયમાં ખાસ કરીને અધિકારી વર્ગમાં આ સાહિત્ય પહોંચે તે જરૂરી છે, કારણ કે શ્રી પાર્શ્વચંદ્રસૂરિનાં જીવન તેમ જ કવન આજે પણ પ્રેરણાસ્પદ બની રહે એવા છે..

૧૬

# મહોપાધ્યાય
# શ્રી યશોવિજયજી ગણિવર

પાટણની નજીકમાં કનોડું ગામ....
ત્યાં વસતા હતા વણિક શ્રેષ્ઠિ નારાયણ...
એમના ધર્મપત્ની હતા શ્રાવિકા સૌભાગ્યદેવી...
એમના કુળદીપક હતા જશવંતકુમાર...

તેઓ બાળપણથી અત્યંત તેજસ્વી અને બુદ્ધિશાળી હતા. તેનો પરચો આપણને તેમણે નાનપણમાં ફક્ત માતાની સાથે ઉપાશ્રયે જતાં ત્યારે માત્ર સાધુ ભગવંતના મુખેથી શ્રી ''ભક્તામરસ્તોત્ર''નો પાઠ સાંભળતાં સાંભળતા જ કંઠસ્થ થઇ ગયેલ પ્રસંગમાંથી મળે છે. બન્યું છે એવું કે માતાને ચાતુર્માસ દરમ્યાન એક નિયમ એવો હતો કે મુનિરાજના મુખેથી શ્રી ''ભક્તામરસ્તોત્ર''નું શ્રવણ કર્યા પછી જ નવકારશીનું પચ્ચક્ખાણ કરવું અને એક વખત ગામમાં સખત અને સતત વરસાદના કારણે નદીના પેલે પાર આવેલા ઉપાશ્રયમાં જઇ શકાયું નહીં એટલે માતાએ તે દિવસે ચૌવિહાર ઉપવાસ કર્યો. તેની જાણ બાળ જસવંતને થઇ એટલે એણે માતાને પૂછ્યું કે ''મા ! મા !તમે આજે કેમ કાંઇ ખાધું નથી ?'' ત્યારે માતાએ પોતાના નિયમની વાત કરી. એટલે બાળ જસવંતે તુરત કહ્યું કે ''મા ! મને તે આવડે છે.'' પોતાના બાળકની આવી વાત સાંભળી માતાને આશ્ચર્ય થયું અને જિજ્ઞાસાવશ પૂછ્યું ''ખરેખર તને આવડે છે ?'' તો બાળ જસવંતે ફરીવાર તેમ જ કહ્યું અને માતાની સમક્ષ આખુંયે ''ભક્તામરસ્તોત્ર'' એકપણ ભૂલ વગર બોલી ગયો. તે સાંભળી માતાને અપાર હર્ષ થયો અને બાળકને વહાલથી છાતીસરસો ચાંપી દીધો. આ પ્રસંગ બન્યો ત્યારે બાળક જસવંતની ઉંમર માત્ર ચાર જ વર્ષની હતી એ તે જમાનામાં અત્યારની માફક બે અઢી વર્ષે બાળકને નિશાળમાં કે કે.જી. વગેરેમાં મૂકવામાં નહોતા આવતા. એ જમાનામાં તો સાત-આઠ વર્ષનું બાળક થાય પછી જ નિશાળે મૂકવામાં આવતું. જે બાળકને ગુજરાતી ભાષાનો કક્કો બારાખડી પણ ન આવડતાં હોય તે બાળક આવું સંસ્કૃતનું મહાન સ્તોત્ર માત્ર સાંભળીને અનાયાસજ યાદ રાખીશકે તે બાળકની પ્રજ્ઞા કેવી અદ્ભુત હશે તેની તો આપણે કલ્પના પણ ન કરી શકીએ.

તેઓએ વિ.સં. ૧૬૮૮માં પૂજ્યપાદ નયવિજયજી મ.સા. પાસે દીક્ષા લીધી... ગુરુભગવંતે નામ આપ્યું મુનિ યશોવિજયજી. જશવંતના બંધુ પદ્મસિંહ પણ દીક્ષિત થયા... નામ પડ્યું મુનિ પદ્મવિજયજી.

મુનિશ્રી યશોવિજયજીની તેજસ્વિતા, બુદ્ધિપ્રતિભા અને સુયોગ્યતા વગેરેને અવધાનના પ્રયોગ દ્વારા પિછાણીને આવર્જિત થયેલા શ્રેષ્ઠી શ્રી ધનજી સુરાએ ગુરુ ભગવંતને વિનંતી કરી કે આ મહાત્માને

કાશી જઇ વિદ્યાભ્યાસ કરાવો તો શ્રી જિનશાસનને બીજા હરિભદ્રસૂરિ મ. કે હેમચંદ્રસૂરિ મ. મળશે. એ માટેની બધી વ્યવસ્થાનો લાભ પણ પોતે જ લેવાની તત્પરતા બતાવી. તદ્નુસાર ગુરુ ભગવંત સાથે મુનિ યશોવિજયજીએ કાશી તરફ વિહાર કર્યો...

ગંગાનદીના કિનારે ઍંકારના જાપથી શ્રી સરસ્વતી દેવીને પ્રસન્ન કરી વરદાન મેળવ્યું. કાશીમાં ત્રણ વરસ અને પછી આગ્રામાં ચાર વરસ સુધી પ્રકાંડ વિદ્વાન ભટ્ટાચાર્ય પાસે ષડ્દર્શન વગેરેનું તલસ્પર્શી અધ્યયન કર્યું. કાશીમાં બહારથી આવેલા વિદ્વાને વાદનો પડકાર ફેંક્યો. કોઇ ઝીલી ન શક્યું... કોઇ જીતી ન શક્યું... ત્યારે મુનિ યશોવિજયજીએ એ પડકારને ઝીલી લીધો અને સ્યાદ્વાદનું આલંબન લઇને વિજય મેળવ્યો... વળી સો ગ્રંથોની રચના કરી એટલે કાશીના વિદ્વાનોએ એમને ''ન્યાયવિશારદ'' અને ''ન્યાયાચાર્ય'' આ બે માનવંતા બિરૂદ આપ્યા હતા.

મુનિ યશોવિજયજીએ સંસ્કૃત-પ્રાકૃત અને ગુજરાતી ભાષામાં અનેક અજોડ રચનાઓ કરી છે. જેના નામના અંતે 'રહસ્ય' આવે એવા 'ન્યાય રહસ્ય', 'નય રહસ્ય', 'ઉપદેશ રહસ્ય', 'સ્વાદવાદ રહસ્ય', વગેરે ૧૦૮ ગ્રન્થોની એમણે રચના કરી હતી. આપણા માટે આનંદની વાત છે કે એમના સ્વહસ્તે લખાયેલા ''અધ્યાત્મસાર'' અને ''કર્મપ્રકૃતિ''ની હસ્તપ્રતો અત્યારે પણ ગુજરાતના વિવિધ જ્ઞાનભંડારોમાં સચવાયેલી છે. આ ઉપરાંત અન્યપણ ઢગલાબંધ 'સ્વોપજ્ઞવૃત્તિ' સહિત ગ્રંથો રચ્યા છે. અન્ય કર્તુક ગ્રન્થો ઉપર વૃત્તિઓ રચી છે. ગુજરાતી ભાષામાં સ્તવન -સજ્ઝાય-ઢાળો-ટબા વગેરે રચીને લોકભોગ્ય સાહિત્ય પણ રચ્યું છે. જૈન વાઙ્મયમાં નવ્યન્યાયનો પ્રવેશ કરાવવાનો અને એના દ્વારા પદાર્થને વધુ ચોક્કસ રીતે પ્રરૂપવાનો મુખ્ય યશ તેઓશ્રીને ફાળે જાય છે. કેવલજ્ઞાન-કેવલદર્શન અંગેના ક્રમિકવાદ, યુગપદ્વાદ, અને એકત્વવાદ આ ત્રણે મતોનો જુદા જુદા નયનું આલંબન લઇને સમન્વય કરવાનો યશ પણ તેઓશ્રીને ફાળે જાય છે. ઓષ્ઠ્ય વ્યંજન (પ,ફ,બ,ભ,મ,)નો ઉપયોગ કર્યા વગર કરવાના તર્કકર્કશવાદમાં તેઓશ્રીને ખંભાતમાં વિજયની વરમાળા વરી હતી.

આચાર્યશ્રી દેવસૂરિજી મ. ની અનુજ્ઞાથી અને શ્રીસંઘની આગ્રહભરી વિનંતીથી તેઓશ્રીને વિ.સં. ૧૭૧૮માં ઉપાધ્યાય પદથી અલંકૃત કરવામાં આવ્યા હતા.

વિક્રમ સવંત ૧૭૪૩માં એમનું ચાતુર્માસ ડભોઇ નગરમાં થયું ત્યાં જ અનશન કરીને તેઓશ્રીએ પંડીતમરણ સાધ્યું હતું. તેઓશ્રીનું સમાધિમંદિર આજે પણ ત્યાં તેઓશ્રીની યશોગાથા ગાઇ રહ્યું છે.

અજોડ ગ્રંથો રચિને શાસનને અદ્ભૂત જ્ઞાન ખજાનો અર્પણ કરનાર મહોપાધ્યાય યશોવિજયજી ગણિવરના ચરણોમાં લાખ લાખ વંદન....

# ગુણસ્થાન ક્રમારોહ

આધાર ગ્રંથ - ગુણસ્થાન ક્રમારોહ - પૂ. આ. રત્નશેખરસૂરિ

चराचरमिंदंविश्वं, हस्तस्थामलकोपमम् ।
प्रत्यक्षंभासतेतस्य, केवलज्ञान भास्करः ।।८४।।

એ કેવળજ્ઞાનરૂપી સૂર્ય આ ચરાચર એટલે જ ત્રસ-સ્થાવર રુપ સમસ્ત જગતને હાથમાં રહેલા આમળાના ફળની જેમ પ્રત્યક્ષ જુએ છે. જેવી રીતે આમળાના ફળને હાથમાં લેવાથી એની નસો વગેરે સર્વ અવયવ પ્રગટ પણે દેખાય છે તેવી જ રીતે કેવલી ભગવંત પણ કેવળજ્ઞાનરુપી સૂર્યથી આ સમસ્ત જગતને જુવે છે.

અહીં કેવળજ્ઞાનને સૂર્યની ઉપમા ફક્ત વ્યવહારથી આપે છે પરંતુ કેવળજ્ઞાન અને સૂર્યમાં ઘણું જ અંતર છે. એવું કહેવાય છે કે ચંદ્ર-સૂર્ય ગ્રહ-ત્રણ આ સમસ્ત-બધા જ ભેગા થઇને પણ પ્રમાણવાળા (મર્યાદિત) ક્ષેત્રને જ પ્રકાશિત કરે છે પરંતુ કેવળજ્ઞાનથી તો સમસ્ત લોક અને અલોક પણ પ્રકાશિત થાય છે.

विशेषात्तीर्थकृत्कर्म, येनास्त्यार्ज्जितमूर्ज्जितम् ।
तत्कर्मोदयतोत्रासौ स्याज्जिनेन्द्रोजगत्पतिः ।।८५।।

જે જીવ વિશેષ કરીને અરિહન્તની ભક્તિ પ્રમુખ વીસસ્થાનક તપનું સેવન કરે છે તે જીવ તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરે છે કારણ કે એવો નિશ્ચય છે કે તીર્થંકર નામ કર્મના ઉપાર્જનમાં અરિહંતાદિક વીસ સ્થાનકની ભક્તિ મુખ્ય છે. આ વીસ સ્થાન આ પ્રમાણે છે - (૧) અરિહંત (૨) સિદ્ધ (૩) પ્રવચન (૪) આચાર્ય (૫) સ્થવિર (૬) ઉપાધ્યાય (૭) તપસ્વી (૮) જ્ઞાન (૯) દર્શન (૧૦) વિનય (૧૧) આવશ્યક (૧૨) શીલવ્રત (૧૩) ક્રિયા (૧૪) તપ (૧૫) ગૌતમ (૧૬) વૈયાવચ્ચ (૧૮) સમાધિ (૧૮) અપૂર્વજ્ઞાન ગ્રહણ (૧૯) શ્રુત ભક્તિ (૨૦) તીર્થ પ્રભાવના.

આ વીસ સ્થાનકોના સેવનથી જે જીવે તીર્થંકર નામ કર્મ પ્રાપ્ત કર્યું છે તે જીવ સયોગી ગુણસ્થાનકે તીર્થંકર નામ કર્મના ઉદયથી કેવલિ બનીને જગત્પતિ ત્રિભુવનાધિપતિ બને છે. તે જિનેન્દ્ર કહેવાય છે. જિન એટલે સામાન્ય કેવળી એમાં ઇન્દ્ર સમાન તે જિનેન્દ્ર.

ससर्वातिशयैर्युक्तः सर्वामरनरैर्नतः ।
विरंविजयतेसर्वो- त्तमंतीर्थप्रवर्त्तयन् ।।८६।।

તીર્થંકર પ્રભુ ચોંત્રીસ અતિશયોથી યુક્ત છે. આ ચોંત્રીસ અતિશય ક્યા છે ? તે જણાવતા કહે છે- (૧) ચાર અતિશય જન્મથી હોય છે. (૨) અગિયાર અતિશય કર્મ ક્ષયથી છે. (૩) ઓગણીસ અતિશય

દેવકૃત હોય છે. એવી રીતે (૪+૧૧+૧૯ =૩૪) ચોંત્રીસ સંપૂર્ણ અતિશય તીર્થંકર પ્રભુને હોય છે. મનુષ્યો અને દેવો એમને નમે છે... પૂજે છે... શ્રેષ્ઠ...સર્વોત્તમ ઉપદેશથી તીર્થંકરો શાસનને પ્રવર્તાવે છે.

**वेद्यतेतीर्थकृत्कर्म तेनसद्देशनादिभिः ।**
**भूतले भव्य जीवानां, प्रतिबोधादिकुर्वता ॥८७॥**

તીર્થંકર પરમાત્મા નિર્મલ દેશના આપીને ભૂતલને વિષે અનેક ભવ્યાત્માઓને પ્રતિબોધ કરતાં થકાં એટલે જ સર્વવિરતિ-દેશવિરતિ વગેરે વ્રતો આપીને તીર્થંકર નામકર્મને ભોગવે છે. ધર્મ દેશના આપવામાં અગ્લાન બનીને તીર્થંકર નામકર્મ ભોગવે છે.

**उत्कृष्टतोऽष्टवर्षोनं पूर्वकोटीप्रमाणकम् ।**
**कालयावन्महीपीढे केवली विहरत्यलम् ॥८८॥**

કેવલજ્ઞાની ભગવંત પૃથ્વીપીઠપર ઉત્કૃષ્ટથી આઠ વર્ષ ઓછા પૂર્વ ક્રોડ વર્ષ પ્રમાણ કાળ સુધી સુવર્ણકમલ ઉપર પગ સ્થાપન કરીને વિચરે છે. અષ્ટ મહાપ્રાતિહાર્ય સહિત હોય છે. કરોડો સુર-અસુરોથી સેવાતા હોય છે ચરણ કમલ જેમના એવા તીર્થંકર પરમાત્મા મધ્યમ આયુષ્યવાળા હોય છે. અહીં જે આયુષ્ય સ્થિતિ જણાવી છે (દશોન પૂર્વ ક્રોડ વર્ષ) તે સામાન્ય કેવલીની અપેક્ષાએ જણાવી.

**चेदायुषः स्थितिर्न्यूना सकाशाद्वेद्यकर्मणः ।**
**तदातत्तुल्यताकर्तुं समुद्घातं करोत्यसौ ॥८९॥**

જ્યારે કેવલી ભગવંતના વેદનીય કર્મની સ્થિતિથી આયુષ્ય કર્મની સ્થિતિ અલ્પ હોય છે, ત્યારે બન્નેને સમાન કરવા એટલે વેદનીય અને આયુષ્ય કર્મની સ્થિતિને સમાન કરવા કેવલી સમુદ્ઘાત કરે છે.

## સમુદ્ઘાત સ્વરૂપ

**दंडत्वंचकपाटत्वं, मन्थानत्वंचपूरणम् ।**
**कुरुतेसर्वलोकस्य चतुर्भिः समयैरसौ ॥९०॥**

પ્રથમ સમુદ્ઘાતનું સ્વરૂણ જણાવે છે.

આત્મા સ્વસ્વભાવમાં રહેલા આત્મપ્રદેશોને સાત કારણથી પર સ્વભાવમાં પરિણમાવે છે. એને સમુદ્ઘાત કહે છે. આ સાત કારણ જણાવે છે - (૧) વેદના સમુદ્ઘાત (૨) કષાય સમુદ્ઘાત (૩) વૈક્રિય સમુદ્ઘાત (૪) મરણ સમુદ્ઘાત (૫) તેજસ સમુદ્ઘાત (૬) આહારક સમુદ્ઘાત અને (૭) કેવલી સમુદ્ઘાત.

કેવલી સમુદ્ઘાત કેવળજ્ઞાનીને જ હોય બીજાને નહીં.

કેવલી સમુદ્ઘાતમાં કેવલી પ્રથમ સમયે પોતાના આત્મપ્રદેશોને ઉર્ધ્વ અને અધો લોકાન્ત સુધી શરીરની બહાર કાઢીને દંડ કરે છે. પછી બીજા સમયે આત્મપ્રદેશોને પૂર્વ-પશ્ચિમ ફેલાવીને કપાટ કરે છે. ત્રીજા સમયે રવૈયાની રચના કરેછે. ચોથા સમયે સમસ્ત ચૌદ રાજલોકમાં આત્મપ્રદેશોને ફેલાવીને ચૌદરાજ

લોક ભરી દે છે.

एवमात्मडप्रदेशान्तं प्रसारणविधानतः ।
कर्मलेशानसमीकृत्यो त्क्रमात्तस्मान्निवर्त्तते ।।९१।।

ઉપરોકત વિધિથી કેવલી આત્મપ્રદેશોને ચૌદ રાજલોકમાં ફેલાવીને કર્મોની સ્થિતીને (સમ) સમાન કરે છે. કપડાને બેવડું-ચોવડું સુકાવીએ તો સુકાતા વાર લાગે પરંતુ જો એને ખોલીને સુકાવે તો જલ્દિ સુકાઇ જાય છે. તેવીજ રીતે આત્મપ્રદેશો ફેલાવવામાં આવે તો કર્મની સ્થિતિ અલ્પ થઇ શકે છે. કર્મ નિર્જરા જલ્દિ થઇ જાય છે.

કાર્ય સિદ્ધ થઇ ગયા પછી ફરીથી કેવલી પોતાની મૂળ સ્થિતિમાં આવવા માટે આત્મપ્રદેશોને સમેટે છે. આ ક્રિયા કેવી રીતે થાય છે ? તે જણાવે છે- પાંચમા સમયે ચૌદ રાજલોકમાં ફેલાયેલા આત્મપ્રદેશોને પાછા ખેંચે છે... છટ્ઠા સમયે રવૈયાને સમેટે... સાતમે સમયે કપાટ સંહરે... આઠમા સમયે દંડને સંહરે અને સ્વભાવસ્થ થાય છે.

એવી રીતે આઠ સમયમાં કેવલી સમુદ્‌ઘાતની વિધિ સંપૂર્ણ થાય છે.

समुद्घातस्य तस्याद्ये, चाष्टमेसमये मुनिः ।
औदारिकाड ्गःस्यात्, द्विषद्सप्तमकेषुच ।।९२।।
मिश्रौदारिकयोगीच, तृतीयाद्येषुतुत्रिषु ।
समयेष्वेककमंगि, धरोनाहारकश्व सः ।।९३।।

કેવલજ્ઞાની ભગવંત કેવલી સમુદ્‌ઘાત કરતા હોય છે ત્યારે પહેલા તથા આઠમા સમયે ઔદારિક યોગવાળા હોય છે. બીજા, છટ્ઠા, અને સાતમે સમયે મિશ્ર ઔદારિક યોગ હોય છે. પરંતુ અહીં મિશ્ર પણું કાર્મણ શરીરની સાથે ઔદારિક શરીરનું જાણવું. ત્રીજા-ચોથા અને પાંચમા સમયમાં કેવળ કાર્મણયોગ હોય છે. જ્યારે કેવળ કાર્મણ કાયયોગ હોય છે ત્યારે એ ત્રણ સમયમાં કેવલી અણાહારી હોય છે... બાકી સમયમાં આહારી હોય છે.

કેવલી સમુદ્‌ઘાત નિયમથી આઠ સમયનો હોય છે.

यःषमासाधिकायुष्को, लभते केवलोद्गमम् ।
करोत्यसौसमुद्घात, मन्येकूर्वन्तिवानवा ।।९४।।

છ મહિનાથી અધિક આયુષ્યવાળા કેવળજ્ઞાની કેવળજ્ઞાનને પામે છે તે નિયમા કેવલી સમુદ્‌ઘાત કરે છે. કેવળજ્ઞાન પામતી વખતે જેમનું આયુષ્ય છ મહિનાથી ઓછું હોય તેના માટે સમુદ્‌ઘાતની ભજના છે. એ સમુદ્‌ઘાત કરે પણ અને ન પણ કરે.

समुद्घातान्निवृत्तोसौ मनोवाक्कायययोगवान् ।
ध्यायेद्योगनिरोधार्थ शुक्लध्यानं तृतीयकम् ।।९५।।

મન, વચન, કાયાના યોગવાળા કેવળી ભગવંત, કેવલી સમુદ્‌ઘાતથી નિવૃત્ત થઇને યોગ રૂંધવા માટે ત્રીજા શુકલધ્યાનને ધ્યાવે છે... આદરે છે.

**आत्मस्पंदात्मिका सूक्ष्मा, क्रियायत्रानिवृत्तिका ।**
**तत्तृतीयभवेच्छुक्ल सूक्ष्मक्रिया निवृत्तिकम् ।।९६।।**

કેવલી ભગવંતને કેવલી સમુદ્‌ઘાત પછી ત્રીજું સૂક્ષ્મક્રિયાનિવૃત્તિ નામનું શુકલધ્યાન હોય છે. આ શુકલધ્યાનમાં આત્મવ્યાપાર રુપ સૂક્ષ્મક્રિયાથી નિવૃત્તિ નથી હોતી. એટલે આત્મવ્યાપાર રુપ સૂક્ષ્મક્રિયા હોય છે. પરંતુ સ્થુલ ક્રિયાથી નિવૃત્તિ હોય છે.

આગળ ચાર ગાથાઓ દ્વારા મન વચન કાયાને સૂક્ષ્મ કરે છે તે જણાવે છે–

**बादरकाययोगेस्मिन् स्थितिंकृत्वास्वभावतः ।**
**सूक्ष्मी करोति वाक्चित्त, योगयुग्मसबादरम् ।।९७।।**

કેવલી ભગવંત સૂક્ષ્મક્રિયા નિવૃત્તિ નામના ત્રીજા શુકલધ્યાન પછી અચિંત્ય આત્મવીર્ય શક્તિથી બાદર કાયયોગમાં સ્વભાવથી સ્થિતી કરીને બાદર વચન તથા બાદર મનોયોગને સૂક્ષ્મ કરે છે.

**त्यक्त्वास्थूलंवपुर्योगं, सूक्ष्मवाक्चित्तयोः स्थितिम् ।**
**कृत्वानयतिसूक्ष्मत्वं, काययोगं च बादरम् ।।९८।।**

કેવલી ભગવંત સ્થૂલ-બાદર કાયયોગનો ત્યાગ કરીને સૂક્ષ્મ વચન યોગને વિષે અથવા સૂક્ષ્મ મનોયોગને વિષે સ્થિતિ કરીને બાદર કાયયોગને સૂક્ષ્મ કરે છે.

**ससूक्ष्मकायगोगेऽथ, स्थितिं कृत्वापुनःक्षणम्।**
**निग्रहंकुरुतेसद्यः, सूक्ष्मवाक्चित्तयोगयोः ।।९९।।**

કેવલી ભગવંત સૂક્ષ્મકાયયોગમાં ક્ષણમાત્ર સ્થિતિ કરીને તત્કાળ સૂક્ષ્મકાયયોગનો તથા સૂક્ષ્મમનોયોગનો નિગ્રહ કરીને એટલે સર્વ પ્રકારના સૂક્ષ્મ મન-વચનના યોગના સંભવનો અભાવ કરે છે.


**ततः सूक्ष्मेवपुर्योगे, स्थितिः कृत्वा क्षणंहिसः ।**
**सूक्ष्मक्रियंनिजात्मानं, चिद्रूपंविद्भतिस्वयम् ।।१००।।**

કેવલી ભગવંત સૂક્ષ્મ કાયયોગમાં ક્ષણવાર સ્થિતિ કરીને નિજ આત્મદ્રવ્યને સૂક્ષ્મ ક્રિયા ચિદ્‌રૂપ સ્વયં અનુભવ કરે છે.

**छद्मस्थस्ययथा ध्यानं, मनसः स्थैर्यमुच्यते ।**
**तथैववपुषः स्थैर्यं, ध्यानं केवलीनो भवेत् ।।१०१।।**

જેવી રીતે છદ્મસ્થ સાધુનું મનઃ સ્થિર થાય છે એને જ ધ્યાન કહે છે.

એવા પ્રકારે શરીરનું નિશ્ચલ હોવું એજ કેવલી ભગવંતની દૃષ્ટિએ ધ્યાન છે.



# નિયતિવાદ

નિયત એટલે પહેલાથી જ નક્કી થયેલું.

નિયતિ એટલે દૈવ... ભવિતવ્યતા અથવા ભાગ્ય....

નિયતિવાદ એટલે જ ભવિતવ્યતાવાદ... દૈવવાદ અથવા ભાગ્યવાદ.

જે કાંઇ થવાનું જ.... તે પહેલાથી નિયત જ છે. નક્કી જ છે તેજ થવાનું છે.

જે ભાગ્યમાં લખ્યું છે તેજ થવાનું છે... બનીને જ રહેવાનું છે.

આવી માન્યતાઓનો સ્વીકાર તે નિયતિવાદ કહેવાય છે. આ વાદને માનનારા જીવો પુરુષાર્થને માનતા નથી. પ્રયત્ન કરવાની વાતને નકામી ગણે છે.

આવા જીવોની માન્યતા છે-જે બની રહ્યું છે એમાં આપણો કાંઇ જ વાંક નથી... આપણે કાંઇ કરી શકીએ એમ નથી જે નિયમ છે તે હજાર પ્રયત્ન કરવા છતાં થોડું જ બદલી શકાય છે. ?

આજે ધીમે ધીમે આ નિયતિવાદ દુનિયામાં વધતો દેખાઇ રહ્યો છે. આ નિયતિવાદનો સ્વીકાર કરવાથી જીવ પોતાની જવાબદારી ભૂલી જાય છે અને પાપના પંથે પ્રયાણ કરે છે.

દેવાધિદેવ તીર્થંકર પરમાત્મા મહાવીરસ્વામીના વચનની સત્યતાને જોઇને નિયતિવાદની પ્રરૂપણા કરીને મંખલિપુત્ત ગૌશાળાએ આજીવિકા મત પ્રવર્તાવ્યો. આ ગોશાળાના નિયતિવાદમાં માનનારા ભક્ત કુંભાર સદ્દાલપુત્તને સત્ય સમજાવવા પ્રભુ મહાવીર સ્વામીએ પૂછ્યું-''સદ્દાલપુત્ત ! આ બધા માટીના પાત્ર આપો આપ બને છે કે તારા પ્રયત્નોથી બને છે ?''

નિયતિવાદી સદ્દાલપુત્ત કહે છે- ''ભગવાન ! નિયતિના બળે બને છે. બધા પદાર્થો નિયતિ સ્વભાવ છે. પોતપોતાના સ્વભાવ અનુસાર સ્વયં નિયતિ બળથી બને છે. એમાં પુરુષ પ્રયત્ન કે નિમિત્ત પ્રયોગ શું કરી શકે ?''

પ્રભુ મહાવીરે કહ્યું- ''સદ્દાલપુત્ત ! જો કોઇ માણસ લાકડીથી તમારા આ વાસણો ફોડી નાખે અથવા તમારી પત્ની ઉપર બલાત્કાર કરે તો એ કુકૃત્યોની જવાબદારી એ માણસ પર નાખશો કે એ માણસ પર નહિ નાખતાં નિયતિ પર નાખશો અને નિયતિ પર નાખી શાન્ત રહેશો ?''

સદ્દાલપુત્તે કહ્યું - ભગવાન્ ! એ સમયે હું શાંત નહિં રહી શકું એ માણસને બરાબર પીટી નાખીશ.''

ભગવાન મહાવીરે કહ્યું- ''સદ્દાલપુત્ત ! એનો અર્થ તો એ થયો કે તમે એ માણસને એનાં કાર્યોનો જવાબદાર માનો છો. પણ જ્યારે દરેક કાર્ય નિયતિબદ્ધ છે તો પછી એ માણસને એનાં કાર્યોનો જવાબદાર શા માટે માનવો જોઇએ ? શું નિયતિવાદનો અર્થ છે કે માણસ પોતાના પાપોને નિયતિવાદના નામ નીચે ઢાંકી દે અને બીજાના પાપોનો બદલો લેવા માટે નિયતિવાદને આઘો ખસેડે ? સદ્દાલપુત્ત નિયતિવાદના આધારે પ્રગતિ થઇ શકવાની ?... જગત્‌ની વ્યવસ્થા બની શકવાની ?''

શ્રી મહાવીરસ્વામીની વાત સાંભળતાં જ સદ્દાલપુત્તની આંખ ખુલી ગઇ સત્યના દર્શન થયા. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઇ. એણે કહ્યું- ''દેવાધિદેવ આપે મને ઉન્માર્ગથી સન્માર્ગે વાળ્યો. પ્રભુ ! હવે હું સમજી ગયો છું કે નિયતિવાદ એ જડતાનો માર્ગ છે. દંભ છે... આત્મવંચના અને પરવંચના છે...'

ભગવંતે કહ્યું - ''સદ્દાલપુત્ત ! આત્મવંચનાથી પોતાની આંખમાં ધૂળ નાંખી શકાય છે... પરવંચનાથી બીજાઓની આંખોમાં ધૂળ નાંખી શકાય છે, પણ જગતની કાર્યકારણ વ્યવસ્થાની દૃષ્ટિમાં ધૂળ નાંખી શકાતી નથી.''

આપણા મનની શંકાનું સમાધાન કરીને આપણે ક્યાંય આવા ખોટા વાદમાં ફસાઇ ગયા હોઇએ તો તત્કાળ પોતાની જાતને બહાર કાઢવાની જરૂર છે.

નિયતિવાદને પણ સ્થાન છે જ. વિરોધ ફક્ત એ એકને જ ''સર્વેસર્વા'' માની બીજા કારણોને ઉડાવી દેવા સામે છે. દરેક કાર્ય થવામાં કાળ, સ્વભાવ, ઉદ્યમ (પુરુષાર્થ), પૂર્વકર્મ અને નિયતિ એ બધાંય પોતપોતાની યોગ્યતા અનુસાર ગૌણ-મુખ્યભાવે ભાગ ભજવે છે. માટે એ પાંચ સમવાયી કારણોને એમના સ્થાન પ્રમાણે સ્વીકારવામાં જ ન્યાય સિદ્ધતા છે.

''સન્મતિતર્ક'' માં સિદ્ધસેન દિવાકર કહે છે-

**કાલો સહાવ નિયઇ પુવ્વકયં પુરિસ કારણેગંતા ।**
**મિચ્છત્તં તે ચેવ ય, સમાસઓ હોન્તિ સમ્મત્તં ॥૩-૫૩॥**

કાળ, સ્વભાવ, નિયતિ, પૂર્વકર્મ, ઉદ્યમ એમાંથી કોઇ પણ એકનો એકાન્ત પક્ષપાત કરવામાં મિથ્યાત્વ છે અને એ પાંચેને યોગ્ય રીતે સ્વીકારવામાં સમ્યક્ત્વ છે.

## કાર્યસિદ્ધિ

વિશ્વમાં બધાજ માનવીઓ પોતપોતાના લક્ષ્ય અને લાભ અનુસાર વિવિધ કાર્ય કરવામાં લાગેલા હોય છે. ક્યારેક કેટલાક જીવોને ઇચ્છિત કાર્યમાં સિદ્ધિ મળે છે. ક્યારેક કેટલાક જીવોને ઇચ્છિત કાર્યમાં અત્યંત પુરુષાર્થ કર્યા છતાં સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. શું હશે રહસ્ય એની પાછળનું ?

જૈન શાસ્ત્રો અનુસાર દરેક કાર્યની સિદ્ધિમાં કાળ વગેરે પાંચ કારણો હોય છે. આપણે આ પાંચ કારણોને સમજવા પ્રયત્નશીલ બનીએ.

૧. **કાળ** - જે કાર્ય જે સમયમાં થવાનું હોય છે એજ સમયમાં થાય છે... ઉનાળામાં આંબો પાકે...

શીયાળામાં મેથીપાકે... તેમ સર્વ કાર્યનો સમય હોય છે તે સમયે જ થાય. અનુકુળ સમયે યોગ્ય સ્વભાવમાં યોગ્ય પુરુષાર્થ કરવામાં આવે તો સફળતા સરળ બને છે. કાળની પરિપકવતા થાય ત્યારે જ કાર્યની સિદ્ધિ થાય છે.

૨. **સ્વભાવ** :- કાર્યસિદ્ધિ માટે યોગ્ય કાળ પ્રાપ્ત થયો હોય પણ સ્વભાવનો સંયોગ ન મળે તો કાર્ય સિદ્ધિ ન થાય. બીજને ખેતરમાં વાવવામાં આવે તો એમાંથી યોગ્ય કાળે રોપાની કે વૃક્ષની પ્રાપ્તિ થવી જોઇએ. પણ જો બીજ બળી ગયેલું હોય, વૃક્ષ નિર્માણનો સ્વભાવ નાશ પામી ગયો હોય તો એમાંથી વૃક્ષ ન થાય.

૩. **નિયતિ** :- કાળ અને સ્વભાવ અનુકુળ હોય પણ જો કાળની પરિપકવતા ન થઇ હોય તો કાર્ય થતું નથી. સ્વભાવથી જીવ ભવ્ય હોય. કાળ અનુકુળ હોય છતાં જો નિયતિ અનુકુળ ન હોય તો કાર્ય ન થાય. નિયતિ વિના કાર્ય થતું નથી.

૪. **પુરુષાર્થ** :- કાળ, સ્વભાવ અને નિયતિ અનુકુળ હોય છતાં પણ જો જીવ પુરુષાર્થ ન કરે તો સિદ્ધિ ન જ પામી શકે. દરેક શુભ કાર્યમાં યથાયોગ્ય પુરુષાર્થ તો થવો જ જોઇએ. કાળ, સ્વભાવ, નિયતિ બધું અનુકુળ હોય છતાં જીવ પુરુષાર્થ ન કરે તો સિદ્ધિ ન મળે.

૫. **કર્મ** :- બીજને વાવવા માટે તો પુરુષાર્થ કરે પણ જો ભાગ્યમાં ન હોય તો પુરુષાર્થમાં પણ સફળતા ન મળે. આજ પાંચેને આપણા આત્મા ઉપર કેવી રીતે ઘટાવી શકાય ? એ વાત વિચારણીય છે. મોક્ષ પ્રાપ્તિનું કાર્ય કઇ રીતે સાધક જીવ સિદ્ધ કરી શકે છે ?

મોક્ષ પ્રાપ્તિ એ સાધકનું મુખ્ય લક્ષ્ય છે આ પણ એક કાર્ય છે. આ કાર્ય માટે પણ પાંચ કારણોની આવશ્યકતા છે.

મોક્ષપ્રાપ્તિ માટેત્રીજો અને ચોથો આરો એ અનુકુળ કાળ છે. એટલે મોક્ષ પ્રાપ્તિ માટે (ભરતક્ષેત્રમાંથી) ત્રીજા કે ચોથા આરાનો કાળ જોઇએ.

કાળ ભલે ત્રીજા-ચોથા આરાનો હોય પણ જે જીવનો સ્વભાવ મોક્ષે જવાનો હોય તેજ જીવ મોક્ષમાં જઇ શકે. એટલે ગમે તે કાળમાં અભવ્ય જીવનો મોક્ષ છે જ નહિં તેથી જીવ ભવ્યત્વના સ્વભાવવાળો જ જોઇએ.

જીવ અનાદિ કાળથી સંસારમાં પરિભ્રમણ કરે છે અને કરશે. પણ જ્યારે એનો ભવસ્થિતિનો પરિપાક થશે ત્યારે જ જીવ ચરમાવર્ત કાળમાં પ્રવેશ કરશે અને ત્યારે જ મોક્ષમાં જશે. એટલે કાળ અનુકુળ હશે - ત્રીજો કે ચોથો આરો હશે.. જીવ ભવ્યત્વના સ્વભાવવાળો હશે પણ જો તે જીવ ચરમાવર્ત કાળને પામ્યા નહીં હોય તો તેની મોક્ષ પ્રાપ્તિ સંભવિત નથી.

ત્રીજા-ચોથા આરામાં ચરમાવર્તને પામેલો ભવ્ય જીવ હોય એટલા માત્રથી મોક્ષપ્રાપ્તિ થતી નથી પણ સાથે પૂર્વ ક્રિયા (કર્મ) હોવી જ જોઇએ. એટલે જીવે સમ્યગ્દર્શન પ્રાપ્તિ... અનંતાનુબંધી ક્રોધ-

માન-માયા લોભાદિ કષાયોના ક્ષય... શ્રેણી માંડવા વગેરેની પૂર્વ ક્રિયા કરેલીજ હોવી જોઇએ. આવા પૂર્વ કર્મથી જ જીવ આગળ વધી શકે છે. આવી પૂર્વક્રિયા વિના સિદ્ધિ સંભવિત નથી.

આ બધા કાર્યોમાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કષાયક્ષય, શ્રેણી આરોહણાદિ ક્રિયાઓ આત્મવીર્ય ફોરવવાના પુરુષાર્થ વિના શક્ય નથી. તેથી મોક્ષ પ્રાપ્તિ માટે ઉદ્યમ અથવા પુરુષાર્થ પણ આવશ્યક છે... આવી રીતે જીવની શિવયાત્રા પાંચ સમવાય કારણોથી જ સફળ બને છે. તેથી કોઇ પણ એક કારણને સ્વીકારી અન્યનો લોપ કરવો તે મિથ્યાત્વ છે.

આજના જીવો સામાન્યતાથી નિયતિવાદ તરફ વધારે ઝુકતા જાય છે એમના જીવનમાં પુરુષાર્થમાં ગૌણતા આવે છે. પણ આ પુરુષાર્થની ગૌણતા પ્રાયઃ શુભકાર્યો તરફ છે અશુભ કાર્યો તરફ નહી. આવા કારણોથી જીવ શુભ કાર્યોથી અને શુભમાર્ગથી દૂર ચાલ્યો જાય છે અને અશુભ માર્ગમાં અટવાઇ જાય છે.

આજે કેટલાક જીવો એમ માને છે કે ''આપણી દરેક પ્રકારની ભવિતવ્યતા જ્ઞાનિઓના જ્ઞાનમાં નિશ્ચિત છે. જ્ઞાનિઓએ જે કાળે આપણો મોક્ષ જોયો હશે તે કાળે જ આપણો મોક્ષ થવાનો છે એમાં ક્યારેય કોઇ ફરક થવાનો નથી તો પછી તપ-ત્યાગ-આદિ કરવાની શું જરૂર છે ? આપણે ખાઇ-પીને મજા કરવાની. કર્મોદયે આપણી પ્રવૃત્તિ ગમે તેવી હોય પણ મનમાં ભાવના ઉંચી રાખવાની''

આવા જીવો ધર્મને પામેલા નથી... ધર્મ માર્ગથી નજીક નથી પણ હજી ધર્મ માર્ગથી ઘણા દૂર છે. ધર્મમાર્ગને પામેલો જીવ ક્યારે પણ આવા વિચાર નજ કરી શકે. જીવ જ્યારે વીતરાગના વિજ્ઞાનને જાણે છે... સમજે છે ત્યારે એની આજ્ઞા પાલન માટે હૃદયમાં અત્યંત ઉત્કૃષ્ટ ભાવ હોય છે. એમના ચિંધેલા માર્ગે જવા એ તલપાપડ હોય છે. એના જીવનમાં ક્યાંય ક્યારેય વીતરાગના ચિંધેલા માર્ગે ઉપેક્ષા ભાવ ન હોય. પાપોદયે ક્યારેક અયોગ્ય બાહ્યવર્તન કરવું પડે ત્યારે અંતરમાં અત્યંત દુઃખ અને વેદના હોય છે. આવો જીવ અંતરમાં રડતો હોય છે. આવા જીવોને કેવળ ભાવના શુદ્ધિથી સંતોષ ન જ હોય ફક્ત શુદ્ધ ભાવનાથી જ સંતોષ માની બેસે એની ભાવ શુદ્ધિ સાચી હોઇ જ ન શકે.

આપણે સર્વજ્ઞ ભગવંતે બતાવેલા કાર્યસિદ્ધિના પાંચ સમવાય કારણોને અત્યંત સૂક્ષ્મ બુદ્ધિથી સમજીને... વિચારીને મિથ્યાત્વી વિચારણાનો ત્યાગ કરીને સાચા સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરી મોક્ષ પ્રાપ્તિના ઉદ્યમમાં લાગી જઇએ.